સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

મે'માનોના સ્વાગતે રાષ્ટ્રીય તિજોરી ભેલાય છે,
દંભના દેખાડે પૈસા તો પાણી જેમ રેલાય છે!
ખેલાય છે હોળી દિલ્હીમાં વસંતોત્સવ વચ્ચે જ.
વર્ગ-વિગ્રહની કોમી ઘંટીમાં શાંતિ પિલાય છે...
(કઠોર નિયંત્રત - ૧૪૪ - દેખો ત્યાં ઠાર)

હાઈકુ

મળી છે દવા!
કુપોષિત શિક્ષણે -
બચે તો સારું!!
(કેજરીવાલ બજેટ પ્રેરણા!!)

દબાય પ્રજા -
વ્યાજ-ડુંગર નીચે -
કરે ઉંકાટા...
(કાલ્પનિક પુરાંત)

ચિંતન

વને, રણે, શત્રુ, જલાગ્નિ મધ્યે, મહાર્ણવે પર્વત મસ્તકે વા ।
સુપ્તં પ્રમત્તં વિષમસ્થિતં વા, રક્ષન્તિ પુણ્યાનિ પુરાકૃતાનિ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

વનમાં, રણમાં, શત્રુઓ મધ્યે કે અગાધ પાણીમાં અને દાવાનળ જેવા અગ્નિ વચ્ચે પણ, મોટા જંગલોમાં કે પર્વતની ટોચ પર સૂતેલાને, પ્રમત્ થયેલા છકેલા કે ગાંડપણમાં પણ કે, વિપરિત પરિસ્થિતિમાં મુકાયેલાઓનું પણ અગાઉ, પૂર્વ જન્મમાં કરેલાં પુણ્યો રક્ષણ કરે છે.

એક કચ્છી કવિના પદનો સાર જોઈએ તો : કોઈનું ભલું કરશો તો ઈશ્વર પણ તમારું પણ ભલું કરશે જ. અન્યનું બૂરું કરનારનું સદાય બૂરું જ થાય છે. તમે પણ આ બધું દીવાની જેમ સમજો તો છતાં કવિ કહે છે કે મને શા માટે પૂછો છો ? વાવો તેવું લણો કે 'કાર્ય-કારણનો' સિદ્ધાંત પણ વાતને સમર્થન આપે છે.

આટલા માટે જ બધા ધર્મો સત્કર્મો પર ખૂબ જ ભાર આપે છે. દાન પુણ્ય ધર્મનો પાયો છે.

સુવિચાર

- ઘટના મહત્ત્વની નથી... આપણે તેને કઈ રીતે ઘટાવીએ છીએ, તે મહત્ત્વનું છે - **શાંતિ સૌરભ**
- અભિનંદન એ અત્તર જેવા છે, તેની માત્ર સુવાસ લેવાની હોય, તે ગળી જવાનું ન હોય - **તત્ત્વપ્રિયજી**
- બિના પ્રયાસ કિએ... આપ સિર્ફ નીચે ગિર સકતે હૈં... ઉપર નહીં ઉઠ સકતે...!! - **મધુ ધારકર**
- એનો બૂરો કે સારો ગમે તવો અંત હો... છે મારે મન તો જિંદગી રંગતભરી કથા - **શેખાદમ આબુવાલા**
- જરૂર કરતા વધારે જે કંઈ પણ તમારી પાસે છે એ બધું તમને દુઃખી જ કરશે - **ઈબ્નેનૂર**
- વળાંક તો બધાની જિંદગીમાં આવે છે,
  કોઈ માટે એ સબક તો કોઈ માટે એ શુભ શરુઆત હોય છે!! - **ભોલાભાઈ ગોલીબાર**
- આજનું ઔષધ : રાઈને પીસી નવશેકા ગરમ પાણી સાથે મિક્સ કરી કોગળા કરવાથી દાંતના દુઃખાવામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સિકંદર એવા ચમત્કારિક પાણીની શોધમાં હતો જે પીવાથી માણસ અમર થઈ જાય. જંગલમાં ખૂબ શોધખોળ કરવાથી તેને એક જગ્યા એવી મળી. જે અમૃતના ઝરણારુપે વહી રહ્યું હતું. એક ખોબો ભરીને પીવા જ જતો હતો ત્યાં એક વૃદ્ધે તેને દૂરથી જોઈને રોકતા કહ્યું, 'સિકંદર થોભી જા... આ અમૃત પીવાની ભૂલ ન કરતો.' એ વૃદ્ધ ખરેખર ખૂબ ખરાબ દશામાં હતો. સિકંદરે તેને સામો પ્રશ્ન કર્યો. 'તું મને રોકવાવાળો કોણ ??' વૃદ્ધે પોતાની અવસ્થા જણાવતા કહ્યું, 'હું પણ તારી જેમ જ અમૃતની શોધમાં આ અમૃતની શોધમાં વર્ષો પહેલાં આવ્યો હતો. મેં આ ઝરણામાંથી અમૃત પીધું; હવે દુઃખ એ વાતનું છે કે હું મારવા ચાહું છું... તેમ છતાં મરી શકતો નથી. જુઓ મારી દશા. મને આંખે સરખું દેખાતું પણ નથી. પગ પણ ચાલવામાં સાથ નથી આપતા. હું ચીસો પાડીને પરમાત્માને કહી રહ્યો છું, કે કોઈ મને મારી નાખો... મને આ યાતનામય વૃદ્ધાવસ્થામાંથી છોડાવે. પણ મને મૃત્યુ નથી આવતું.' સિકંદરને વાત સમજાઈ કે જીવનનો આનંદ ત્યાં સુધી જ રહે છે. જયાં સુધી આપણે એ આનંદ ભોગવવાની સ્થિતિમાં હોઈએ છીએ. જીવનમાં જે મળ્યું છે તેનો આનંદ લેવો. ખુસ રહેવું. સ્વાસ્થ્યનો ખ્યાલ રાખવો. દુનિયામાં સિકંદર કોઈ નથી બસ... 'સમય જ સિકંદર છે.'

કોરોના વાઈરસ : કળિયુગનો પ્રલયસંકેત

તંત્રીસ્થાનેથી...

કુદરત કયારેક અગમચેતી આપીને માથાફરેલ માનવીને સુધરવાની તક આપવા માગતી હોય એમ અવારનવાર ધરતીકંપ, અતિવૃષ્ટિ, ત્સુનામી કે અનાવૃષ્ટિ ઉપરાંત જીવલેણ રોગચાળો મોકલી આપે છે. અગાઉના જમાનામાં પ્લેગ જેવા રોગથી માણસો ટપોટપ મરણશરણ થતાં અને ગામનાં ગામ ઉજ્જડ બની જતાં. કુદરત સામે બહાદુરીપૂર્વક બાથ ભીડનાર કાળા માથાના માનવીએ એવા કાળા કેર સામે ઝીંક ઝીલી - એની રસી પણ શોધી કાઢી. વિશ્વયુદ્ધોમાં નહોતી થઈ એટલે મોટી ખુવારી કયારેક મેલેરિયાથી થયેલી છે. આજે મેલેરિયા કે ટીબી જેવા રોગોથી બહુ જ ઓછાં મૃત્યુ થાય છે. નવી નવી રસીઓ અને દવાઓથી માનવીએ એની જિંદગીને રક્ષાકવચ આપ્યું છે. પરંતુ કુદરતે હજી એની કરામતો સામે હાર કબૂલી હોય તેમ લાગતું નથી. કોરોના વાઈરસ એનું તાજું ઉદાહરણ છે. છ માસ પહેલાં ચીન આખી દુનિયાને ડુકરાવતું હતું. આજે એ નાનકડા, સૂક્ષ્માતિસૂક્ષ્મ વાઈરસનો ચેપ લગાડી બેસશે તો ! - ચીનમાંથી આ જીવલેણ વાઈરસ પચાસ જેટલા દેશોમાં એક્સપોર્ટ થઈ ચૂક્યો છે. પાડોશી કોરિયા એના ભરડામાં સપડાયુ છે. ઈરાન સહિતના દેશોને આ વાઈરસ આભડી ચૂક્યો છે. એક પ્રકારનો આતંક પ્રસરી ગયો છે. દુનિયા કયારેક ગ્લોબલ ગામડું બની ગઈ હતી - હવે એ ફરી પાછી પોતપોતાની સરહદોમાં કેદ થયેલાં રાષ્ટ્રોના ઝૂમખામાં ફેરવાઈ ગઈ છે. ભારત જેવા દેશમાં કેટલાક દેશોના નાગરિકો માટે ઈ-વિઝા અને વિઝા ઓન અરાઈવલની વ્યવસ્થા હતી, તે વખત પૂરતી ખોરવી ગઈ છે. નાનકડું જીવડું હાથીના કાનમાં ઘૂસી જાય તો એવડો મોટો કદાવર ગજરાજ માથાં પછાડે, આળોટે છતાં પેલાં જીવડાને ઊની આંચ ન આવે - એમ આખી દુનિયા આ સૂક્ષ્મદર્શક યંત્રમાં પણ ન જોઈ શકાય એવા સૂક્ષ્મ જીવ સામે ઘૂંટણિયે પડી ગઈ છે. કોરોના વાઈરસથી થનાર મૃત્યુનો આંક દિનપ્રતિદિન વધતો જાય છે. માસ્ક ખૂટી ગયા છે. ઈરાન સપડાયું એના પગલે સઉદી અરબે મક્કા-મદીના ધાર્મિક યાત્રા પર આવનારા યાત્રાળુઓ પર પ્રતિબંધ લાદી દીધો છે. વિશ્વયુદ્ધમાં વધુ ને વધુ દેશો જોતરાતા જાય એમ રોજેરોજ કોઈને કોઈ નવું સ્થળ કોરોના વાઈરસની ચપેટમાં આવતું જાય છે. એની સામે પ્રતિરોધક શક્તિ કેળવવા વૈજ્ઞાનિકો રાતપરોઢિયાં કરી રહ્યાં છે. પરંતુ હજી સુધી એની કોઈ કારગત દવા કે રસી બજારમાં મુકાઈ નથી. વાઈરસથી થતી બિમારી સમય જતાં આપોઆપ મટતી હોય છે, પરંતુ કોરોના વાઈરસ તો સીધો જ શ્વસનતંત્ર પર હુમલો કરે છે. આશા રાખીએ કે કે મહદંશે એના સકંજામંથી મુક્ત રહેલા આપણા દેશમાં એનો પગપેસરો ન થાય અને વિશ્વના બીજા વિસ્તારોમાં જયાં એને પરચા પૂર્યા છે ત્યાં પણ એનો શિકાર બની રહેલ માનવજાતને કુદરત જ બચાવી લે. પુરાણોમાં જે 'પ્રલય'ની કલ્પના છે એનું આ આધુનિક સ્વરુપ છે, એમ નથી લાગતું ?

ફાસ્ટ હશે પણ લાસ્ટ નથી...

આરપાર

રાઘવજી માધડ

ફાગણની ફટકેલી ફોરમ વચ્ચે પરીક્ષાની પલટાયેલી લૂ સૌ કોઈને દઝાડી,રંજાડી ને હકીકતથી દૂર ભગાડી રહી છે.તેમાં આવનારી બોર્ડની પરીક્ષાથી આજકાલ કેટલાંક વાલીઓ ત્રસ્તને વ્યસ્ત લાગી રહ્યા છે.ક્યાંક વિદ્યાર્થી કરતા વાલી વધારે ટેન્શન અને એટેન્શનમાં હોય એવું લાગી રહ્યું છે. નક્કી થતું નથી કે પરીક્ષા પાલ્યની છે કે પોતાની ! આમતો ગુરુ અને સમય આ બંને આપણને શીખવાડે છે.ગુરુ શીખવાડીને પરીક્ષા લે છે જયારે સમય પરીક્ષા લીધા પછી શીખવાડે છે.

જિંદગીના અમુક પડાવ પછી વાલીનું સમગ્ર જીવન સંતાનો માટે મુકરર થઈ જતું હોય છે. પણ તમારાં બાળકો હકીકતમાં તમારાં નથી. એક ફિલસુફે કહ્યું છે,એ તમારા મારફતે જરૂર અવતર્યાં છે પણ તમારાંથી આવ્યા છે એવું ન સમજશો. એમને તમારો પ્રેમ આપો પણ તમારા વિચારો ન આપશો. બાળકોને તમારા જેવા બનાવવાની ભાંજગડમાં ન પડશો...શક્ય બનેતો તમે તેના જેવા બનવાનો પ્રયાસ કરશો.

હવે પરીક્ષાના ગણતરીના દિવસો બાકી છે ત્યારે સલાહ-સૂચનના વંટોળ વચ્ચે વિદ્યાર્થી વધારે મૂંઝાઈ અને ભીંસાઈ જતો હોય છે.એક હાઉ ઉભો થતો હોય છે.કેટલાંકતો વળી વાટકી વ્યવહાર સાચવવા, એક પેન લઈ શુભેચ્છા પાઠવવા પહોંચી જતા હોય છે.કહેવું જ હોયતો કહો:'બેટા,પેપરમાં આવડે તે લખવાનું હોતું નથી. જે માગ્યું હોય તે લખવાનું હોય છે !' અનુભવે સમજાયું છે કે ઘણાં વિદ્યાર્થીઓ અપેક્ષિત ઉત્તરના બદલે આવડતું હોયતે લખી નાખતા હોય છે.પરિણામ પછી તેઓ કાગારોળ કરી મૂકતા હોય છે,પેપરમાં લખ્યું હતું છતાં માર્ક ઓછા આવ્યા છે...પણ ખરી ખબર તો પેપર ખોલાવ્યા પછી જ પડતી હોય છે !

એક મિત્ર દંપતી પુત્રીની પરીક્ષા અર્થે રજા પર છે અને કહે છે:'ઓછું મેરીટ આવશેતો અમે લોકોને શું મોં બતાવીશું !?'અને એક મિત્રએ તેમનાં સંતાનોને ટ્યુશન કે આળપંપાળ વગર ભણાવ્યા...ને હાલ મેડીકલમાં અભ્યાસ કરે છે. તેઓએ પરીક્ષાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વગર સંતાનોને પૂરતો સમય આપ્યો હતો, તરસ લાગી ત્યારે કૂવો ખોદવા બેઠાં ન્હોતાં.

આપણે ત્યાં મેરીટ આધારે પ્રવેશ મળે છે.જે ભણ્યો તેની આ પરીક્ષા છે.આવી પરીક્ષામાં સફળ થનારા ક્યારેક પછીથી જીવનની પરીક્ષામાં હારી જતા હોય છે.અને ઓછું મેરીટ લાવનારા અથવા અસફળ રહેનારા જીવનમાં સફળતા હાંસલ કરતા હોય છે. સ્કીલ બેઈઝ નોલેજના યુગમાં પરીક્ષા પદ્ધતિ ધરમૂળથી ફેરફાર માગી રહી છે. પણ હાલ તો આ એક ટેસ્ટ છે, એ વેસ્ટ ન જાય તેની કાળજી લેવાની છે.

છેલ્લે :

જિંદગી તો પળે પળે પરીક્ષા લેતી હોય છે. તેમાં આ પરીક્ષા ફાસ્ટ હશે પણ લાસ્ટ નથી.

-ra_madhad13@yahoo.com

હે, ઈશ્વર, તેઓને માફ કરજે

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

"હે, ઈશ્વર, તેઓને માફ કરજે, તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે." ભગવાન ઈશુનું આ વાક્ય વિશ્વમાં પ્રસિદ્ધ છે. વિશ્વના તમામ ધર્મોમાં બદલો લેવાને બદલે માફ કરવાના ભાવને શ્રેષ્ઠ ધર્મ માનવામાં આવ્યો છે. દુનિયાનો કોઈપણ માણસ જાણીજોઈને ગુહનો કરતો નથી, એના ગુહના કે કર્મની પાછળ ઘણા સત્યો અને તથ્યો છૂપાયેલા હોય છે. એમાં અજ્ઞાનથી લઈને અત્યંત વિકટ પરિસ્થિતિ પણ જવાબદાર હોઈ શકે છે. તેથી આપણને ન ગમતા કાર્ય કરનાર આપણી જ આસપાસના મિત્રો કે સ્નેહીઓને જો આપણે સમજવાનો પ્રયાસ કરીશું તો શક્ય છે કે એને માફ કરીને સીધા રસ્તે લાવી શકીશું.

માફ કરવા વિશે આપણા શાસ્ત્રોમાં પણ લખ્યું છે "ક્ષમા વીરસ્ય ભુષણમ" ક્ષમા એ વીરતાનું આભૂષણ છે અને સૌથી શક્તિશાળી શસ્ત્ર પણ છે. બધી જ તાકાત લગાવીને કોઈની સામે લડવું સહેલું છે. જીતવું સહેલું છે. પણ ઘણીબધી તાકાત હોવા છતાંય કોઈને ક્ષમા કરવી, માફ કરી દેવું અત્યંત કઠિન હોય છે. કેમ કે લડવામાં આપણી નેગેટિવ શક્તિ વપરાય છે અને ક્ષમા કરવામાં પોઝિટીવશક્તિની જરુર પડે છે. જે બહું ઓછા લોકોમાં જોવા મળે છે.

મારું માનવું છે કે કોઈપણ માણસ જાણીજોઈને ભૂલ નથી કરતો હોતો. ભૂલ એનાથી થઈ જતી હોય છે. ભલે એના કારણો ગમે તેટલા હોય પણ ભૂલ હંમેશાં ભૂલથી જ થતી હોય છે. સ્વભાવ, સ્થિતિ કે અણસમજને કારણે ભૂલ થઈ જતી હોય છે. માટે આવા માણસો પ્રત્યે વેરભાવના કે નફરત રાખ્યા વિના સદભાવનાથી વર્તવું જોઈએ. કેમ કે ભૂલ કરનાર વ્યક્તિને પુરેપુરી સામાજિકતાનો, સંસ્કારિતાનો ખ્યાલ જ નથી. એ કોઈપણ વિપરિત પરિસ્થિતિથી ઘેરાયેલો રહે છે. એનો સ્વભાવ આંતરમૂખી કે રંગીલો કે છિછરો હોઈ શકે છે. કે એનામાં શિક્ષણના અભાવને કારણે કે સંસ્કારના અભાવને કારણે સમજણનો વિકાસ થયો જ ના હોય. અને અસમજણમાં કોઈપણ વ્યક્તિ ભૂલો કરવાની જ. તેથી આવી વ્યક્તિઓને પહેલા સમજવી જરુરી બને છે. ધીમે ધીમે સમજણ અને સંવેદનાપૂર્વક એને ભૂલો કરતી અટકાવી શકાય છે. જીવનમાં મોટાભાગની ભૂલો પરિસ્થિતિવશ થતી હોય છે. જો ઘરનું વાતાવરણ સારું ના હોય, પતિ - પત્ની વચ્ચે સતત ઝગડાઓ થતા હોય તો પતિ કે પત્ની બહાર ભૂલ કરી બેસે છે. અથવા સંતાનો જો થોડા મોટા હોય તો આવા ઘરેલું ઝગડાઓને કારણે માનસિક રીતે અસ્વસ્થ થઈને બહાર ભૂલો કરી બેસે છે. પછી એ ભૂલો શારિરીક હોય કે આર્થિક કે સામાજિક હોઈ શકે છે. આવી વ્યક્તિઓના માનસમાં અસંતોષનો ભાવ પ્રબળ હોય છે. એ ઘરમાંથી, માતાપિતા પાસેથી પ્રેમ, લાગણી કે હૂંફ ઝંખે છે પરંતુ એના બદલે જો સતત ઝગડાઓ, તિરસ્કાર કે અપમાન મળે તો એ બહારની વ્યક્તિઓમાં આ બધુ શોધશે. અને ઘર બહારની દુનિયા કેટલી ખતરનાક હોય છે તે આપણે સૌ જાણીએ છીએ.

અજાણતા થતી ભૂલોના પ્રમાણમાં જાણી જોઈને થતી ભૂલોનું પ્રમાણ માંડ માંડ પાંચ દસ ટકા હોય છે. કે વ્યક્તિ જાણતી હોય છે કે હું જે કરી રહ્યો છું કે કરી રહી છું તે ખોટું છે. છતાંય કરે છે. એમાં એનો અંગત સ્વાર્થ હોઈ શકે છે. અથવા સ્વતંત્રપણું હોય છે. કોઈ રોકટોક કરવાવાળું ના હોય, કોઈ બંધનો ના હોય. પારિવારિક કે સામાજિક બંધનોની કે પ્રતિષ્ઠાની પરવા ના હોય એવી વ્યક્તિઓ અણસમજને કારણે ભૂલો કરી બેસતી હોય છે. અને આવી ભૂલોના પરિણામો પણ ખૂબ ભયાનક હોય છે. પરંતુ આવી વ્યક્તિઓ પ્રત્યે વધારે સહાનુભૂતિ રાખીને એને સતત સમજણ આપવાના પ્રયાસો કરવા જોઈએ. એને ટોકવાથી કે ઝગડો કરવાથી કે નફરત કરવાથી એ વધુ બગડે છે.

આજની આ નવી સદીમાં સારા સારા માણસોને પણ ભૂલો કરાવે એવા અનેક ઉપકરણો દરેક વ્યક્તિના હાથમાં છે. હજીયે આ ઉપકરણો વધતા જવાના છે. દરેક પરિવારોમાં, મિત્રતામાં, પ્રેમસંબંધમાં દરેક વ્યક્તિઓ અનેક ભૂલો કરતી જ જવાની છે. અને સંબંધો તૂટતા જવાના છે. ધીમે ધીમે પાશ્ચાત્ય સંસ્કૃતિ આપણે ત્યા આવી જશે. જો આવી પરિસ્થિતિ ના બને, આપણા સૌના પરિવારો, મિત્રતા, પ્રેમસંબંધ ના તૂટે એવું ઈચ્છતા હોઈએ તો એકબીજાને માફ કરવાની માનસિક શક્તિ આપણે સૌએ કેળવવી જ પડશે. કેમ કે ક્ષમા એક જ એવું શસ્ત્ર છે કે જે કઠોરમાં કઠોર વ્યક્તિને પણ બદલી શકે છે. યોગ્ય રસ્તા ઉપર લાવી શકે છે. ભૂલ કરનાર વ્યક્તિની ભૂલને ભૂલી જવાથી અનેક પરિવારો, સંબંધો બચી જાય છે. અને ધારો કે વ્યક્તિ ફરીથી એની એ જ ભૂલ કરે તો પણ એને બે ત્રણ વાર માફ કરી દો. તો ચોથી વાર એ ભૂલ નહીં કરે, એના પોતાના મનમાં દોષભાવ ઉત્પન્ન થશે, મનમાં ગ્લાની અનુભવશે. અસમજણનો દરિયો લઈને વારેવારે ભૂલો કરનાર વ્યક્તિના મનમાં પણ ક્યાંકને ક્યાંક ઊંડે ઊંડે સમજણનું ઝરણું વહેતું હોય છે. તે બહાર આવી જ જાય છે. અને ધારો કે ભૂલ કરનાર આપણી જ વ્યક્તિની સામે આપણે લડીએ છીએ કે ઝગડીએ છીએ તો એનામાં ને આપણામાં ફેર શું ? એ બહાર ભૂલ કરીને ઘરમાં આવે છે અને તમે ઘરમાં એની સાથે ઝગડવાની ભૂલ કરીને એને ફરી બહાર જવાની પ્રેરણા પુરી પાડો છો.તમે ઘરમાં જ તમારી વ્યક્તિને નફરત કરીને, અવિશ્વાસ કરીને, શંકાઓ કરીને એને બહાર સુખ શાંતિ કે પ્રેમ શોધવા, વિશ્વાસ શોધવા પ્રેરિત કરો છો. ધારો કે ભૂલ કરનાર વ્યક્તિ અશિક્ષિત છે તેથી તે ભૂલ કરે છે. પણ જો આપણે આપણને શિક્ષિત માનતા હોઈએ તો માફ કરવાનો સ્વભાવ કેળવવો જ પડશે.

ક્ષમા કરવા માટે, માફ કરવા માટે સખત માનસિક શક્તિની જરુર પડે છે. કેમ કે એમાં સૌ પ્રથમ આપણે આપણી જાતને ઓગાળવી પડે છે, અહમ ભૂલવો પડે છે, કેમ કે લડવા માટે તો સામે એક બીજી વ્યક્તિની જરૂર પડે છે જ્યારે ક્ષમા કરવા માટે તો સૌ પ્રથમ આપણે આપણી જ જાત સામે લડવું પડે છે. જાતને સમજાવવી પડે છે. જેમાં ઘણી વખત ઊંચી ઊંચી ડિગ્રીઓ પણ કામ નથી આવતી. દુનિયાની કોઈ યુનિવર્સિટીમાં કે ઉચ્ચ શિક્ષણમાં માફ કરવાનું શીખવવામાં નથી આવતું. એ તો વ્યક્તિના આંતરિક સ્વભાવ, સંસ્કાર અને સમજણ આધારિત હોય છે. જો આ ના હોય તો એને કેળવવી પડે છે. કેમ કે ઉચ્ચ પ્રકારની સમજણ વિના, સંસ્કાર વિના ક્ષમા કરી શકવાની ક્ષમતા વ્યક્તિમાં આવતી નથી.

ઘણા લોકો માફ કરવાને કાયરતા ગણે છે, પણ માફ કરવું એ કાયરતા નહીં, વીરતા છે. એમાં અનેક પ્રકારની સકારાત્મક ઊર્જા રહેલી છે. એના અનેક શુભ અને સુખદ પરિણામો મળે છે. માફ કરવાથી, ક્ષમા આપવાથી બે વ્યક્તિથી લઈને, બે પરિવાર, બે સમાજમાં સંવેદનાઓ જન્મે છે, કેટલાય લોકોનું ભલું થાય છે, એકબીજા પ્રત્યે માન સન્માન જાગે છે, એકબીજાને આદર આપતા થાય છે. ઘણા લોકો માફી માગતા ડરતા હોય છે, પણ જો ભૂલ કરી છે તો એની માફી માગવી એ પણ સમજણ અને સંસ્કારની નિશાની જ છે. માફી માગવામાં પણ મહાનતા છે. અને આપવામાં પણ છે. કેમ કે માફી માગવાથી મન હળવું બની જાય છે અને માફ કરવાથી વ્યક્તિની ભૂલ ભુલાઈ જાય છે. બન્ને પક્ષે સંબંધમાં નવી ઊર્જા આવે છે. નવી સમજણ આવે છે. ... તો મિત્રો, આવો આપણે આજથી આપણી આસપાસના સ્નેહીઓ, મિત્રોએ કોઈએ કશી ભૂલ કરી હોય તો એને એક ફોન કરીને કે મેસેજ કરીને એને માફ કરી દઈએ અથવા ભૂલ કરી હોય તો માફી માંગી લઈએ. અસ્તુ.

- 9426060601.india@gmail.com

ઓલ ધ બેસ્ટ...!!!

રગળપાટ

અજય ઉપાધ્યાય

શોલેમાં ગબ્બરનો ફેમસ ડાયલોગ છે ને કે ' ઉસ દિન કચહરીમેં ઈતના તાપ મુજકો ઈતના તાપ મુજકો...ચાર ચાર પુલીસવાલે પકડે મુજે...હાથો મેં હથકડી પૈરોમે બેડી..." બસ કઈક આવું જ પાંચમી માર્ચથી શરુ થતી બોર્ડ એક્ઝામ વખતે પરીક્ષાર્થીઓને પણ ફિલ થતું હશે...જો કે અહિયાં હથકડી કે બેડી કે પુલીસવાલેનું સ્થાન ડર, ફફડાટ અને પ્રેશર લઈ લેવાનું પણ ભરી કચહરી બોલે તો પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીની મનોસ્થિતિ ચારેકોરથી ઘેરાયેલા ગબ્બરથી કમ નહી જ હોય...! સીસીટીવી... સુપરવાઈઝરો... પેપરમાં શું પૂછાશે એનું ટેન્શન...ઓર ના જાને ક્યા ક્યા.....?જોક્સ એપાર્ટ '....પરીક્ષા આવી રે....' નો હાઉ સવાર ના થયો હોય એવો એકપણ બંદો કે બંદી એક્ઝામના આ માહોલમાં જોવા નહિ મળે. અને જો એવો કોઈ વીરલો કે વિરલી હોય તો પણ વી ધ પેરેન્ટ્સ એને આ હાઉની હાઉકલીમાંથી મુક્ત નહિ જ થવા દેવાના...! 'અલ્યા ભણશે નહિ તો શું કરશે...?' વેલકમ ટુ ધ વર્લ્ડ ઓફ અપેક્ષા....હોશિયારી... સફળતા... નિષ્ફળતા અને એબોવ ઓલ ગભરાહટ ઓફ એક્ઝામ...!!

'ટોપ કરવાનું છે'..... '૬૦ થી નીચે તો આવવા જ ના જોઈએ' .... 'બરાબર લખજે.' વગૈરાહ વગૈરાહના બોર્ડની દરેક એક્ઝામ પર ઘરઘરમાં પડઘાતા તકીયાકલામોના વિશ્વમાં તમારું સ્વાગત છે. નવમું ધોરણ પૂરું થતા જ ટ્યુશનો.... આઈએમપી ઓ... રાતઉજાગરાઓ... ટીવી/મોબાઈલ/હરવા-ફરવાના ત્યાગ જેવા બલિદાનો સાથે બોર્ડ પરીક્ષાનો જંગ જીતવા નીકળેલા બાહુબલી બોલે તો પરીક્ષાર્થીની મનોસ્થિતિ જાણવાનું તો ક્યારનું બાજુમાં મુકાઈ ગયેલું હોય છે. 'અમે પણ પરીક્ષા આપેલી 'જેવું આપણા બાળકને જ્ઞાન આપતી વખતે મોટાભાગના વાલીઓ મહત્વની વાત ભૂલી જાય છે કે દરેકની યાદશક્તિ....ગ્રાસ્પિંગ પાવર અને હોશિયારી અલગ અલગ હોવાની...! ભગવાને દરેકના દિમાગની સ્ટોરેજ કેપેસીટી જુદી જુદી રાખી હોય છે, હરેકનું મગજ કાય ૮-૧૨ કે ૨૫૬ જીબી મેમરીકાર્ડવાળું નથી હોતું...! પરીક્ષા અને એમાં સફળતા કે નિષ્ફળતા તો પછીની વાત છે પણ એ પહેલા વી ધ પેરેન્ટસે આ વાત સમજવી જરૂરી છે.

વાલીઓથી શરૂઆત કરી તો હે પરીક્ષાર્થીઓ એમ ના સમજતા કે પાસ થાય કે નાપાસ બહુ મહત્વ નહિ આપવાનું. એવું હરગીજ નથી જ. જમાનો સ્પર્ધાનો છે અને એમાં ટકી રહેવા કે આગળ આવવા માટે પરીક્ષારૂપી વૈતરણી પાર કરવી જરૂરી તો છે જ પણ ડેફીનેટલી એનો કોઈ હાઉ સવાર થાય તો આ વૈતરણીમાં મજધારે ડૂબી જવાય. વિદ્યાર્થી અવસ્થાનો મુખ્ય હેતુ જ પરીક્ષામાં ઉતીર્ણ થઈને આગળ વધવાનો છે અને શું છે કે આપણી એજ્યુકેશન સીસ્ટમ જ એવી છે કે તમારી બુદ્ધિ...હોશિયારી અને શું ભણ્યા ? નો માપદંડ પરીક્ષાથી જ મુલવાય છે એટલું જ નહિ પણ આગળના ભવિષ્યનો પાયો પણ પરીક્ષામાં મેળવેલ સફળતા પર જ નિર્ભર છે એટલે એવું કહેવાનો હરગીઝ આશય નથી કે પરીક્ષા - બરીક્ષા મારી ફરે...! ના બકા ના...ભણ્યા છો તો એનું મૂલ્યાંકન છે પરીક્ષા અને આગળ વધુ ભણવા માટેનું એક પ્રવેશદ્વાર છે પરીક્ષા. પણ બોર્ડની એક્ઝામને આપણે એવી રીતે ટ્રીટ કરીએ છીએ કે જાણે આના પછી કોઈ એક્ઝામ જ નથી આવવાની. ઠીક છે કે વિદ્યાર્થી તરીકે બાળક શું ભણ્યું એનું મૂલ્યાંકન આવી પરીક્ષાઓ કરે છે પણ સાથે સાથે એ પણ અગત્યનું છે કે એ કોઈ સફળતાનું સર્ટી નથી, કેમકે આગે ઔર ઈમ્તિહાન અબ ભી બાકી હૈ...!

બોર્ડ પરીક્ષાની મોસમમાં મોટીવેશનલ બોલે તો પ્રેરણાત્મક વાતોની બોલબાલા રહેવાની. પરીક્ષાર્થીના મનોબળને મજબુત કરતી અને હિમ્મત આપતી આવો વાતો એટલા માટે પણ જરૂરી છે કે બોર્ડ પરીક્ષાનું અને ખાસ તો પાસ થઈશ કે નહિ ? એનું ટેન્શન એ પામર જીવ જ જાણતો હોય છે એવામાં ' કોઈ બાત નહિ બચ્ચા' એટીટ્યુડ બાળક બતાવે એના પહેલા આપણે બતાવીએ એ અગત્યનું છે. બીકોઝ સી જીવન એવો જંગ છે જ્યાં ડગલે ને પગલે કોઈ ને કોઈ એક્ઝામ આપવી પડતી હોય છે પણ આ ' જિંદગી હર કદમ ઈક નઈ જંગ હૈ ' ની સુરાવલીઓમાં એવું ના થાય કે સહેલી લાગતી પરીક્ષાઓ પણ આપણા વર્તન અને આશા-અપેક્ષાઓને લીધે બાળક માટે અઘરી બની જાય. આમ તો શું છે કે આ 'કર્મ કિયે જા ફલ કી ચિંતા મત કર એ ઈન્સાન' જેવો એટીટ્યુડ તો બાળક ૧૦ કે ૧૨ મા આવે ત્યારથી જ ડેવલોપ થવો જોઈએ અને જો એવું થયું હશે તો નિશ્ચિંત રહો કે તમારા બાળકને પરીક્ષાનો....પરીક્ષામાં ઉચ્ચ દેખાવનો અને ખાસ તો 'લોગ ક્યા કહેંગે'નો ગબ્બરછાપ ડર ઓછો લાગવાનો.

પરીક્ષા સમયે અને પરીક્ષા પછીના પરિણામો વખતે થયેલા ઘણાબધા રીસર્ચોમાં એ વસ્તુ સાફ જાણવા મળી છે કે પરીક્ષામાં ઓછી સફળતા પાછળ અને પરિણામમાં મળેલી નિષ્ફળતાઓ પછી લેવાયેલા આત્મઘાતી પગલાઓ પાછળ વાલીની વધુ પડતી અપેક્ષાઓ અને પોતાના બાળકની કેપેસીટી જાણ્યા વગર બીજા સાથેની થયેલી નોન-સ્ટોપ સરખામણીઓ વધુ કારણભૂત હતી. આ ઉઘાડું સત્ય છે. 'જા ઔર દિખા દે અપના બેસ્ટ' જેવું એકાદું નાનકડું વાક્ય જ બાળકના દિમાગમાંથી પરીક્ષાનો હાઉ દુર કરવા કાફી છે. એનો અર્થ એવો નથી કે પરીક્ષાથી ગભરાવું... હરગીઝ નહિ, બીકોઝ આગળ લખ્યું એમ આગે ઔર ભી ઈમ્તિહાન બાકી હૈ અને એવો અર્થ પણ હરગીઝ નથી કે 'જે થાય એ જોયું જશે' કેમકે દરેક વાલી પોતાનું સતાન સારું ભણે એમ જ ઈચ્છતા હોય છે અને સામે છેડે દરેક વિદ્યાર્થી પણ પોતાની રીતે... પોતાની સમજશક્તિ મુજબ પરીક્ષાનો મુકાબલો કરવા તૈયાર જ હોય છે. ફરક અહી માત્ર પરિણામની એડવાન્સ ચિંતા કર્યા વગર અને 'હાય હાય શું થશે ?' નો આર્તનાદ કર્યા વગર બાળકની સજ્જતાની કસોટીના પરિણામને ખેલદિલી અને ફેલાયેલા હાથે વધાવવાનો છે.

ઘણીવાર એવું થતું હોય છે કે બાળક કાલ્પનિક નિષ્ફળતાને લીધે આવી પડનારી સંભવિત મુશ્કેલીઓના વિચારોમાં પરીક્ષાની તૈયારીમાં એકરત નથી થઈ શકતું એવામાં 'ફિકર નોટ... તારી રીતે તૈયારી બરાબર કરજે... પરિણામની ચિંતા ના કરતો કે કરતી' આવા બે બોલ ના પ્રતાપે ઓલરેડી પરીક્ષાના ડરમાં સહમા સહમા બચ્ચાને અંદરથી ઘણી રાહત થતી હોય છે અને આવા ઘણા કિસ્સાઓમાં ધાર્યા કરતા સારું પરિણામ પણ આવેલ છે. અત્યાર સુધી બાળકને બેસ્ટ એચીવ કરવા માટે પુશ કર્યું હોય તો પણ હવે એને 'ગો ફોર બેસ્